ગાંધીનગર સમાચાર
તા. ૩-૮-૨૦૧૪, રવિવાર

## તંત્રી સ્થાનેથી....

### અમેરિકા ભી ઝૂકતા હૈ ઝુકાનેવાલા ચાહિએ...

અમેરિકાના વિદેશમંત્રી જોન કેરીની ભારતયાત્રા હેતુપૂર્વકની વ્યહાત્મક ચાલનો જ એક ભાગ છે. દુનિયાની જમાદારી કરનારું અમેરિકા ભારતને અવગણી શકે એમ નથી, એની પાછળ રાજકીય અને આર્થિક ઉપરાંત સામરિક (યુદ્ધ લક્ષી) કારણો છુપાયેલા છે. દુનિયામાં સૌથી મોટી વસતિ ધરાવતાં રાષ્ટ્રોમાં ચીન અને ભારતનો સમાવેશ થાય છે. ચીનમાં સામ્યવાદી સરમુખત્યારશાહી છે અને તે ગમે ત્યારે અમેરિકા સાથે સીધી સ્પર્ધામાં ઊતરે બલકે વિશ્વની 'નંબર વન' મહાસત્તા બનવાની લાયમાં શિંગડાં ભરાવવા તૈયાર થાય એમ છે. ભારત વિશ્વની સૌથી મોટી લોકશાહી છે અને તે હંમેશા અમેરિકા સાથે સૌજન્યપૂર્ણ વહેવાર કરતું રહ્યું છે. અગાઉ અનેક વખત અમેરિકાએ પ્રાદેશિક સંતુલન જાળવવાની વ્યૂહાત્મક કૂટનીતિ અપનાવી પાકિસ્તાન તરફી વલણ દાખવ્યું હોવા છતાં ભારતે અમેરિકાનો વિરોધ કરવાની હિંમત નથી કરી. હવે જયારે એક એવી સરકાર સત્તાસ્થાને આવી છે જૈ વૈચારિક દષ્ટિએ અમેરિકાના જમણેરી મૂડીવાદ અને બજારવાદની સમર્થક હોવા છતાં એના વડા તરીકે નરેન્દ્ર મોદી બેઠા છે ત્યારે સ્વાભાવિક રીતે જ અમેરિકાને ભારતના સંભવિત વલણ વિશે શંકા જાગે. મોદીને અમેરિકાને ભારતના સંભવિત વલણ વિશે શંકા જાગે. મોદીને અમેરિકાએ અનિચ્છનીય નેતાઓની કાળી યાદીમાં મૂકી એમને ૨૦૦૨માં કોમી નરસંહારના ગુનેગાર ગણેલા છે. ગાઈવગાડીને અમેરિકા છેક હમણાં સુધી એના મોદીને વિઝા નહીં આપવાની અમેરિકાની નીતિવિષયક જાહેરાતને લીધે ભારતીય જનતા પાર્ટી કે નરેન્દ્ર મોદીનું જ નહીં બલકે સમગ્ર દેશનું અપમાન થયેલું ગણાવું જોઈતું હતું. આખરે મોદી કોઈ સામાન્ય નાગરિક નહોતા. તેઓ ગુજરાત જેવા પ્રગતિશીલ રાજયના મુખ્યમંત્રી હતા. દેશના ચૂંટાયેલા નેતાનું આવું અપમાન યુપીએ સરકારે સહન કરી લીધું તે એની નાર્મદાઈ જ ગણાય. રાજકીય હરિફાઈ હોય એથી દેશનાં જ એક રાજયમાં મુખ્યમંત્રીને બહારની મહાસત્તા વગોવાતી રહે, તે કોઈ પણ રીતે યોગ્ય ન ગણાવું જોઈએ. મોદી સામે જે કાંઈ વાંધાવચકા હોય એનો કાં તો ભારતીય ન્યાયતંત્રની રૂએ અથવા પ્રજાની અદાલતમાં ન્યા તોળાવો જોઈતો હતો, એને ઠેકાણએ બહારની સત્તા એની આગવી ધોરાજી ચલાવતી રહી અને મનમોહન સરકાર મૂંગે મોઢે તમાશો જોતી રહી. પ્રજાએ મોદીને સ્પષ્ટ બહુમતી આપીને સરકારનું સુકાન સોંપ્યું ત્યારે અમેરિકા એકાએક ઊંઘમાંથી જાગ્યું હોય એમ અત્યાર સુધીના એકધારા નકારાત્મક વલણથી તદ્દન સામા છેડાનું પ્રશંસાત્મક વલણ અપનાવવા મજબૂર બન્યું છે, તે અંગત રીતે મોદીનો દિગ્વિજય છે. ગુજરાત મોડેલ અને વિકાસના મુદ્દે મોદીનું સમર્થન કરનારી અમેરિકન બિઝનેશ લોબી અને અમેરિકામાં વસતાં ગુજરાતીઓને નારાજ કરીને ઓબામા સરકારે બુશ શાસન દરમિયાન મોદીની વિરૂદ્ધ લેવાયેલ નિર્ણય બહાલ રાખ્યા કર્યો. ભારતમાં શાસન પલટાની ખાતરી થતાં જ અમેરિકાએ મોદી સાથે સંબંધો સમધારણ કરવાના કારસા ચાલુ કરી દીધા હતા. હવે ઓબામા સરકારના નંબર ટુ - વિદેશમંત્રી જૉન કેરી જાતે આવીને ભારતના વિદેશમંત્રી તથા વડાપ્રધાનને મળી ગયા છે. જૉન કેરી માટે ઓબામા સરકારના અત્યાર સુધીના વલણનો ખુલાસો કરવાનું કામ ઘણું ક્ષોભજનક હતું. આખરે એણને બુશ સરકારનું બહાનું કાઢવું પડ્યું છે. મોદીને વિઝા નહીં આપવાનો નિર્ણય આગલી સરાકરે કરેલો, પણ તમે એને બદલી શક્યા હોત! આ સવાલનો કેરી પાસે કોઈ જવાબ નથી. હવે એમણે મોદી માટે લાલ જાજમ બિછાવી દીધી છે અને એમની વિરૂદ્ધની તમામ નકારાત્મક નોંધ રતબાતલ કરી છે. ૨૦૦૨માં સાંપ્રદાયિક રમખાણો, એમાં થયેલ નરસંહાર અને મોદી સરકારની જવાબદારી - સહિતના તમામ ઉલ્લેખ 'ડિલિટ' કરી અમેરિકાએ હવે મોદીને મહાન લોકશાહી રાષ્ટ્રના વિકાસપુરૂષ તરીકે સ્વીકારી લીધા છે. મોદીનું સૂત્ર 'સબકા સાથ, સબકા વિકાસ' અમેરિકી વિદેશમંત્રીને સ્પર્શી ગયું છે. સુષમા સ્વરાજે ભારત જેવા મિત્ર દેશની જાસૂસી કરાવવા બદલ અમેરિકાના વિદેશમંત્રી સમક્ષ આક્રોસ વ્યક્ત કર્યો તે પણ જૉન કેરીએ મૂંગે મોઢે સાંભળી લીધો છે. મોદી સપ્ટેમ્બરમાં અમેરિકા જશે ત્યારે મનમોહનસિંહ કરતાં પણ એમને વધુ માનપાન આપી અમેરિકા ભારતની દોસ્તી કેટલી મહત્ત્વની ગણે છે, એની પ્રતીતિ કરાવશે. ટૂંકમાં અમેરિકા ભી ઝૂકતા હૈ, ઝુકાનેવાલા ચાહિએ!

શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય, સેક્ટર-૩૦ ખાતે

## સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત મહિલા સ્વબચાવ પ્રશિક્ષણના નિયમિત વર્ગનો પ્રારંભ




ગાંધીનગર, તા. ૨

સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા વાડોકાઈ કરાટે-ડો અકેડમીનાં સહયોગથી ગત તા. ૧૨ જુલાઈથી ૧ ઓગષ્ટ દરમ્યાન ૧૫ દિવસીય મહિલા સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર યોજવામાં આવી હતી. ગાંધીનગરનાં સેક્ટર-૩૦ સ્થિત શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય ખાતે યોજાયેલી આ શિબિરમાં શાળાની ધોરણ ૯ થી ૧૨ની ૧૧૦ વિદ્યાર્થીનીઓએ સ્વબચાવનું પ્રશિક્ષણ લીધું હતું. કરાટે અકેડમીનાં નિષ્ણાત પ્રશિક્ષક શ્રી સુરજ ત્રિપાઠી તથા સહયોગી શ્રી પરશુરામ રાઠોડે વિદ્યાર્થીનીઓને પ્રશિક્ષણ આપ્યું હતું.

આ નિરંતર પ્રશિક્ષણ વર્ગનું ઉદ્ઘાટન ગૃહ વિભાગનાં અધિક મુખ્ય સચિવશ્રી ડૉ. એસ. કે. નંદા દ્વારા દિપ પ્રગટાવીને કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કરાટે અકેડમીનાં ગુજરાતનાં ટેક્નિકલ ડાયરેક્ટર શિહાન શ્રી અરવિંદભાઈ રાણા, નાયબ પોલીસ અધિક્ષક શ્રી જે. એ. જાડેજા, જિલ્લા શિક્ષણાધિકારી શ્રી બારડ તથા શાળાનાં આચાર્ય શ્રી યુવરાજસિંહ વાઘેલા ઉપસ્થિત રહ્યાં હતા.

આ પ્રસંગે પોતાના ઉદ્બોધનમાં ડૉ. એસ. કે. નંદાએ જણાવ્યું હતું કે સ્વબચાવનાં પ્રશિક્ષણનાં કારણે વિદ્યાર્થીનીઓમાં આત્મવિશ્વાસ વધ્યો છે. તેઓ ચપળ બની રહી છે, આવી કળા આવડતી હોય તો મહિલાઓમાં ભયનું પ્રમાણ ઘટે છે. આમ, આ પ્રશિક્ષણથી મહિલાઓને ઘણો લાભ થતો હોવાનું તેમણે જણાવ્યું હતું. તેમણે વધુમાં કહ્યું હતું કે હવે મહિલાઓ માટે રાઈફલ ટ્રેનીંગનું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે. તેમણે સુરક્ષા સેતુ અંતર્ગત મહિલાઓના સર્વાંગીણ વિકાસને લગતી તમામ યોજનાઓનો લાભ લેવા પ્રેરણા આપી હતી.

કરાટે અકેડમીનાં વડા શિહાન શ્રી અરવિંદભાઈ રાણાએ પોતાના પ્રાસંગિક ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે કરાટે શિખવતી સંસ્થાઓ ગુજરાતમાં દસકાઓથી પ્રયત્નો કરી રહી છે. મહિલા વિકાસને વરેલી સંસ્થાઓ પણ આ બાબતે જાગૃત છે. હવે જયારે સરકાર દ્વારા સુરક્ષા સેતુ અંતર્ગત મહિલા સ્વબચાવની શિબિરો તથા નિયમિત પ્રશિક્ષણ કેન્દ્રો શરૂ કરી જે કાર્ય સંસ્થાઓ વર્ષોની મહેનતથી કરી શકી છે તે કાર્ય સરકાર દ્વારા માત્ર ગણતરીનાં મહિનાઓમાં જ પૂર્ણ કરવામાં આવ્યું છે. ગુજરાતની દરેક મહિલાને આ પ્રકારનું પ્રશિક્ષણ મળે તેવા સુરક્ષા સેતુનાં પ્રણેતા ડૉ. એસ. કે. નંદાનાં સંકલ્પની તેમણે પ્રસંશા કરી હતી.

ગાંધીનગરનાં નાયબ પોલીસ અધિક્ષક શ્રી જે. એ. જાડેજાએ પોતાના વકતવ્યમાં વિદ્યાર્થીઓએ ૧૫ દિવસમાં જે જ્ઞાન મેળવી તેનું નિદર્શન કર્યું તે બદલ તેમને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે વિદ્યાર્થીનીઓને કહ્યું હતું કે સ્વબચાવ કરતા શીખી લેવું એ સારી વાત છે પણ સાથે સાથે આ જ્ઞાનનો ઉપયોગ કરવા હિંમત પણ હોવી જોઈએ. તેમણે વિદ્યાર્થીનીઓને શારીરિક અને માનસિક એમ બંને રીતે મજબુત બનવા અનુરોધ કર્યો હતો.

મંચસ્થ મહાનુભાવોના વરદ હસ્તે ૧૫ દિવસીય શિબિરમાં ભાગ લીધેલ વિદ્યાર્થીનીઓને પ્રમાણપત્રો એનાયત કરી તેમને સન્માનવામાં આવ્યા હતા. કાર્યક્રમનાં પ્રારંભમાં શાળાના આચાર્ય શ્રી યુવરાજસિંહ વાઘેલાએ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરી સ્વબચાવનાં વર્ગોનું નિયમિત પ્રશિક્ષણ આપવાનું કેન્દ્ર શરૂ કરવા તેમની શાળાની પસંદગી કરવા બદલ જિલ્લા પોલીસ તંત્રનો આભાર માન્યો હતો. નિદર્શનનાં સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કરાટે કોચ શ્રી સુરજ ત્રિપાઠી તથા શ્રી હનુભાઈ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું. મંચ સંચાલન શાળાનાં શિક્ષક શ્રી નરેન્દ્રસિંહ દ્વારા કરવામાં આવ્યું હતું.

## આજ રોજ ગાંધીનગરમાં પુસ્તકોના આદાન પ્રદાનના સેતુ રૂપ પુસ્તક પરબ યોજાશે

ગાંધીનગર, તા. ૨

સમાજમાં સારા સાહિત્યનો પ્રસાર થાય, વિદ્યાર્થી યુવા યુવતીઓ, વડીલો સારાં પુસ્તકો વાંચતા થાય તે હેતુથી સમગ્ર ગુજરાતનાં વિવિધ શહેરો નગરોમાં દર મહિનાના પ્રથમ રવિવારે પુસ્તક પરબ યોજવામાં આવે છે.

આજ રોજ તા. ૩-૮-૨૦૧૪ રવિવાર સવારે ૭.૩૦ થી ૯.૦૦ કલાક દરમિયાન ઘ-૪ સર્કલ, ઉદ્યોગ ભવન, ઘ રોડ પર પુસ્તક પરબ યોજાશે. આ પુસ્તક પરબ અંતર્ગત પુસ્તકો દાનમાં સ્વીકારવામાં આવશે. ઉપલબ્ધ પુસ્તકોમાંથી પરબની મુલાકાતે આવનાર ભેટમાં પુસ્તકો લઈ જઈ શકશે.

માતૃભાષા અભિયાન અંતર્ગત માતૃભાષા ગૌરવ અને સારા વાંચનના પ્રસાર હેતુથી યોજાનાર પુસ્તક પરબની મુલાકાત લેવા રસ ધરાવતા ભાવિકોને નિમંત્રણ છે.

## જે.એમ. ચૌધરી વિદ્યાલયની બાળાઓ બોકસીંગમાં રાજયકક્ષાએ રમશે

ગાંધીનગર, તા. ૨

શ્રી જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય ખાતે જિલ્લા કક્ષાની અન્ડર-૧૯ બોકસીંગ સ્પર્ધા યોજાઈ હતી. શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓ પ્રથમ અને દ્વિતીય સ્થાને વિજેતા બની છે. જેઓ રાજયકક્ષાએ રમવા જશે. ચૌધરી લક્ષ્મી આર., ચૌધરી કિંજલ કે., મેશ્વા પી. ચૌધરી, ચૌધરી મનિષા સી., ચૌધરી નિપા એ., ચૌધરી કિરણ આર. - પ્રથમ જયારે કાટરા સિયા આર. દ્વિતીય રહ્યા હતા. આચાર્યશ્રી સંતોકબેન તથા વ્યાયામ શિક્ષક શ્રી લીલાબેને અભિનંદન પાઠવ્યા છે.

## હરિની દૃષ્ટિ...




આ વખતે તારી સાથે ફ્રેન્ડશીપ પાકી પરંતુ પહેલા, મારા જુના મુછો વગરનાં બધાં ફ્રેન્ડથી તારે મને છોડાવવાની...!

## જ્ઞાનકુંભ



- દર્શન મારૂ

૧. તાજેતરમાં બીજા આંતરરાષ્ટ્રીય પર્યટન હાટનો તવાંગમાં આરંભ થયો, તે તવાંગ કયા રાજયમાં આવેલું છે ?
➜ **અરૂણાચલ પ્રદેશ**

૨. તાજેતરમાં બીજી ભારત-ફિલિપાઈન્સની દ્વિપક્ષીય સહકાર અંગે સંયુક્ત પંચની બેઠક કયાં મળી હતી ?
➜ **મનીલા**

૩. તાજેતરમાં ભારતે કયા દેશ સાથે દવા સંબંધિત બાબતોનો વિકાસ અર્થે કરાર કર્યો ?
➜ **હંગેરી**

૪. તાજેતરમાં ઈન્ડિયન પ્રિમિયર લીગના પ્રમુખ તરીકે કોની વરણી થઈ છે ?
➜ **રંજીબ બિસ્વાલ**

૫. તાજેતરમાં રેલવે બોર્ડના અધ્યક્ષ તરીકે કોની નિમણૂંક થઈ ?
➜ **અરુણેન્દ્ર કુમાર**

૬. તાજેતરમાં વર્લ્ડ ફુડ ડે કયારે ઉજવાયો ?
➜ **૧૬ ઓકટોબર**

૭. તાજેતરમાં સમુદ્ર રત્નાકરને કયાં બંદર પરથી દેશને સમર્પિત કર્યુ ?
➜ **કંડલા બંદરે**

૮. નવા બેંક લાઈસન્સ માટે કોની અધ્યક્ષતામાં સમિતિની રચના થઈ ?
➜ **બિમલ જાલન**

૯. તાજેતરમાં ચીનના ચેન્ગદુ અને ભારતના કયા શહેરને સિસ્ટર સિટી રિલેશનશીપ બનાવવા માટે સમજુતી કરવામાં આવી હતી ?
➜ **બેંગ્લોર**

૧૦. તાજેતરમાં વૃદ્ધોની સુખાકારીની બાબતમાં ભારતે વૈશ્વિક ધોરણે કયો ક્રમ પ્રાપ્ત થયો છે ?
➜ **૭૩માં**

૧૧. ચલચિત્ર કાનૂન અંગે રચાયેલી કઈ સમિતિએ તાજેતરમાં અહેવાલ સોંપ્યો ?
➜ **મુકુદ મુદગલ સમિતિ**

૧૨. તાજેતરમાં ઓરિસ્સા-આંધ્ર પ્રદેશમાં કયું વાવાઝોડું આવ્યુ છે ?
➜ **ફૈલિન**

૧૩. સુપ્રીમકોર્ટ આપેલ આદેશ અનુસાર ઈવીએમમાં વીવીપીએટીનું પુરૂં નામ જણાવો ?
➜ **વોટ વેરિફાયર પેપર ઓડિટ ટ્રેલ**

૧૪. તાજેતરમાં સુપ્રીમ કોર્ટે વિકલાંગોને નોકરીમાં કેટલા ટકા અનામત આપવા માટે આદેશ કર્યો ?
➜ **૩ ટકા**

૧૫. તાજેતરમાં હેનલી એન્ડ પાર્ટનર્સ વિઝા રિસ્ટ્રીકશન ઈન્ડેક્સના મત અનુસાર ભારતીયોને કેટલા દેશોમાં વિઝા ફ્રી અથવા વિઝાઓન એરાઈવલથી પ્રવેશ મળી શકે છે ?
➜ **૫૨**

૧૬. ૨૦૧૩માં ભારત અને ચીન બંને દેશોની ૧૬મી સરહદ ચર્ચા કયાં યોજાઈ હતી ?
➜ **બેઇજિંગ - ચીન**


૧૭. ૨૦૧૩માં તાજ મહેલને વિશ્વનું કેટલામું વિખ્યાત સ્મારક તરીકે સ્થાન આપ્યું છે ?
➜ **ત્રીજું**

૧૮. ૨૦૧૩માં ૨૯માં વર્લ્ડ ઈકોનોમિક્સ ફોરમનું વાર્ષિક સંમેલન કયાં યોજાયું ?
➜ **કોચીન - કેરળ**

૧૯. ૨૦૧૩માં ૨૯માં વર્લ્ડ ઈકોનોમિક્સ ફોરમનું વાર્ષિક સંમેલન કેટલામું છે ?
➜ **૨૯મું**

૨૦. ૨૦૧૩માં કોમનવેલ્થ દેશોના મહિલા બાબતોના મંત્રીઓની કેટલામી પરિષદ યોજાઈ હતી ?
➜ **૧૦મી**

# દોસ્તી : ખુશીને કરે હજારગણી, દુઃખ ને કરે ઝીરો પર્સન્ટ!!!



### વિગેરે...વિગેરે...

- અજય ઉપાધ્યાય

એક રૂમના બંધ બારણા પર અંગ્રેજીમાં લખેલું હતું કે ડોન્ટ ડીસ્ટર્બ, આઈ એમ હર્ટ. ઘણા લોકો એ સુચના વાચીને જતા રહ્યા પણ એક વ્યક્તિ બારણા પાસે આવીને એ વાંચીને દરવાજાને પાટું મારીને ખોલતા જ રૂમમાં દાખલ થતા બોલી ઉઠે છે. આ બહાર શું અંગ્રેજીમાં ચોટાડ્યુ છે...કઈ ખબર ના પડી ને પછી હળવેથી પેલાની આંખમાં આંખ નાખીને પૂછી લ્યે છે શું થયું બોલ તો ? આ છે દોસ્તી !!! દોસ્તીને કોઈ નોટીસો ના નડે... દોસ્તીને કોઈ બંધનો ના હોય, દોસ્તીની એક જ ભાષા હોય - દિલની ભાષા. દિલમાંથી જે શબ્દો નીકળે એ જ લેન્ગવેજ ઓફ દોસ્તી !!! એમાં શિષ્ટાચાર ના હોય એમાં દીલાચાર હોય. કોઈની સાથે વાત કરતી વખતે શબ્દો ગોઠવવા પડે એ દોસ્તી નથી, શબ્દો ધડાધડ છૂટે એ દોસ્તી છે. દોસ્તો મળે ત્યારે શબ્દો ત્રાજવે તોળવા નથી પડતા, દોસ્તો મળે ત્યારે તો વાતોની વખારો ખુલી જાય....મનડાના મોબાઈલની બેટરી ફુલ્લી રીચાર્જ થઈ જાય... દોસ્તોની એક અલગ જ ડીક્ષનરી હોય... એના શબ્દો અલગ હોય અને અનોખા હોય.

આજે છે દોસ્તીનો દિવસ, દોસ્તોનો દિવસ. આજે છે ઓગષ્ટનો પહેલો રવિવાર યાની કે ફ્રેન્ડશીપ ડે. ફર્સ્ટ વર્લ્ડવોર પછી દુનિયાના દેશો વચ્ચે પડેલું અંતર ઓછું કરવા અને એકબીજા પ્રત્યેની નફરત ઓછી કરવા માટે શુભેચ્છા સંદેશો મોકલવાનું શરુ થયું અને આમ ૧૯૨૦ના ઓગષ્ટ મહિનાનો પહેલો રવિવાર બન્યો ફર્સ્ટ ફ્રેન્ડશીપ ડે. પણ દોસ્તીની ઉજવણીની તે કોઈ તારીખ હોતી હશે ? દોસ્તી કાઈ થોડી કોઈ ચોક્કસ દિવસની મોહતાજ છે.સુદામાએ કૃષ્ણને તાંદુલની પોટલી આપેલી એ પણ ફ્રેન્ડશીપ ડે જ હતો અને એ જ કૃષ્ણ જયારે અર્જુનના રથના સારથી બન્યા એ પણ ફ્રેન્ડશીપ ડે જ હતો. દોસ્તીના તે કાઈ ચોક્કસ દિવસો થોડા હોય? આજનો દિવસ તો એક પ્રતિક માત્ર છે બાકી દોસ્તી કોઈ ઘાણભર માટે કે કોઈ ચોક્કસ સમયગાળા માટે હોય તો એ દોસ્તી શેની ? દોસ્તી માટે કોઈ એક ચોક્કસ દિવસ ક્યારેય પુરતો ના હોય શકે, દોસ્તી તો હોય છે જિંદગીભરની, આખા આયખા સુધી ચાલે એ દોસ્તી અને સાથ નિભાવે એ દોસ્ત અને દોસ્તના છેલ્લા શ્વાસ ખૂટી જાય તો પણ જીગરમાં, જહેનમાં અને દિલોદિમાગમાં અખંડ જળહળતી રહે એનું નામ દોસ્તી. દોસ્ત જતો રહ્યો તો શું થયું પણ એની યાદો અને એની દોસ્તીની સુગંધ જિંદગીભર સાથે રહી જાય એનું નામ દોસ્તી...!!

દોસ્તી એટલે મોકળાશ, દોસ્તી એટલે એક એવું બંધન એક એવું વળગણ જે તમને અહેસાસ કરાવે મુક્તિનો. જગતના અનેક સંબંધોમાં આ એક જ રિશ્તો એવો છે જેમાં બંધનમાં બંધાવું ગમે. દોસ્તીના દોરડાથી બંધાયા છતાં પણ માયલો મુક્તિની મિજબાની કર્યા કરે એ દોસ્તી, એમાં બંધાવાની પણ એક મજા છે કારણકે દોસ્તી એ લોહીનો નહિ પણ દિલનો સંબંધ છે. ડાયરેક્ટ દિલથી દિલ મળે ત્યાં જ હોય દોસ્તી. લોહીના સંબંધો ઘણા છે, અમુલ્ય છે અને અઢળક છે પણ આ બધા સંબંધોથી પણ એક વેંત ઉંચો જો કોઈ સંબંધ હોય તો એ છે દોસ્તીનો સંબંધ. દોસ્ત એટલે ભગવાન જેને આપણી સાથે લોહીના સંબંધથી જોડવાનું ભૂલી ગયા હોય એ રિશ્તો - એ વ્યક્તિ - એ સંબંધ એટલે જ તો દોસ્તી, અને દોસ્તીના સંબંધો લોહીના સંબંધોથી પણ વધુ મજબુત, વધુ ટકાઉ અને વધુ ચિરંજીવી નીવડતા હોય છે. દોસ્તી એટલે કાકા, મામા, બાપ, ભાઈ, બહેન જેવા અનેક સંબંધોનું કોકટેલ. દોસ્તીમાં આ બધા સંબંધોનો અર્ક છે - ફ્લેવર છે અને ટેસ્ટ પણ છે.

અને દોસ્તી એટલે ?... એક જ સિગારેટ કે બીડીમાંથી ચાર જણા કશ લગાવે એ દોસ્તી... પેટ ભરેલું હોય તોય પરાણે દાળવડા ખાવા જ પડે એ દોસ્તી..અને દાળવડા ખાધા પછી ચલ પૈસા આપી દે એવું હસતા હસતા કહી દે એ દોસ્ત....નદીમાં નહાવા પડતા જેની હાજરીમાં તમે બિન્દાસ ચડ્ડી ફગાવી શકો એ દોસ્તી...વાત કરતી વખતે શબ્દો કરતા વધુ ગાળો છૂટતી હોય એ દોસ્તી.... કોલેજમાં ગમતી બહેનપણી નાં આવી હોય તો ચાલે પણ દોસ્ત નાં આવ્યો હોય તો ક્લાસમાં જીવ ચોટે નહિ એનું નામ દોસ્તી....અને ભાઈબંધને ગમતી છોકરીને સૌથી પહેલો ભાભી કહી બેસે એ દોસ્તી...ને એ જ ભાભી સાથે ભાઈબંધનું મિલન કરાવવા ઉછીના ઝગડા વહોરી લ્યે એ દોસ્તી... દોસ્તી એટલે ટુ-સીટર બાઈક પર હક્કથી ચાર જણા ચડી બેસે એ.... દોસ્તી એટલે અર્ધી રાત્રે ફોન કરીને પૂછે કે કેમ એલા હજુ ક્યાં ડાફોળિયાં મારે છે એ... હજુ પહેર્યું પણ નાં હોય એવું નવું નક્કોર ટીશર્ટ જે હક્કથી પહેરવા લઈ જાય એ દોસ્ત... નવા બાઈકની પહેલી ચક્કર મારે એ દોસ્ત...વહેલી સવારે બસ પકડવાની હોય તો વગર પૂછ્યે કહી દયે કે હું આવીશ તને મુકવા એ દોસ્ત....દોસ્તનો મુડ બનાવવા બધાય કામ પડતા મુકીને એની સાથે આડેધડ રખડવા નીકળી પડે એ દોસ્તી...સુરજ કદાચ ઉગવાનું ભૂલી જાય તો ચાલે પણ દિવસમાં એક વાર તો દોસ્તને મળવું જ પડે એ દોસ્તી...કોઈપણ જરૂરિયાતમાં જેનો દરવાજો અર્ધી રાત્રે પણ બિન્દાસ અને બેજીજક ખખડાવી શકાય એ દોસ્તી....પોતાના વધુ માર્કસની ખુશીને બદલે દોસ્તના ઓછા માર્કનો ગમ મનાવે એ દોસ્તી..ઘરના કોઈને દવાખાને દાખલ કર્યા હોય તો આપણી સાથે રાતભર જાગે એ દોસ્ત...ઘરે કોઈ પ્રસંગ હોય તો જેને કાર્ડ લખવાની જરૂર ના પડે એ દોસ્ત ને તોય પ્રસંગના મંડાણથી છેક છેલ્લું મહેમાન જાય ત્યાં સુધી મૂંગામોઢે દોડતી રહે એ દોસ્તી....મનોજ ભલે ને ગમે એટલો મોટો માણસ થઈ ગયો હોય પણ એને ભરબજારે એ મનીયા કે પછી પૈસાદાર ફેમિલીમાં પરણ્યા પછી ઓડીમાંથી ઉતરતી રીટાને ઓય રીટાડી પોકારી શકે એ દોસ્તી .!!!

કોઈને કહી નાં શકાય એવી વાત જેને કહી શકાય એ દોસ્ત. દોસ્ત સાથે વાત કરવામાં કોઈ પૂર્વભૂમિકાની જરૂર નહિ. દોસ્તીમાં ગોળગોળ વાતોને સ્થાન નથી, એમાં તો ટુ ધ પોઈન્ટ ચાલુ જ પડી જવાનું હોય અને દોસ્તે સાંભળવું જ પડે. દોસ્તી એક એવો સંબંધ કે જેમાં વાત કર્યા પછી પાછળ ઉમેરવું નથી પડતું કે " કોઈને કહેતો નહિ કે કહેતી નહિ". દોસ્તી એટલે વિશ્વાસ...દોસ્તી એટલે ભરોસો...દોસ્તી એટલે એક એવું સેફ ડીપોઝીટ વોલ્ટ જેમાં તમે ચિંતા કર્યા વગર કોઈ પણ વાત ને સંઘરી શકો. દોસ્તો સાથે કરેલો સંવાદ હોય તો છે ખુલ્લાદિલનો પણ એ ક્યારેય જાહેર નાં થાય. દોસ્તીમાં થયેલી એક એક વાત જાહેરપણે હમેશ માટે ખાનગી જ રહે. દોસ્તો સાથે થયેલી વાતો એટલે એક એવો દસ્તાવેજ જેમાં સહી સિક્કાની જરૂર નહિ, જેમાં સાઘીની સહીઓની જરૂર નહિ . દોસ્તીમાં લિંગભેદ નથી હોતો. બે છોકરાઓ-પુરુષો વચ્ચેની અને બે છોકરીઓ-સ્ત્રીઓ વચ્ચેની દોસ્તીમાં ભેદ પડે જ નહિ કેમકે દોસ્તીમાં ભેદભાવ નથી હોતો. દોસ્તીમાં અમીર-ગરીબ પણ ક્યાં હોય છે ? બે દોસ્ત હોય તો પૈસા ગૌણ થઈ જાય.દોસ્તીમાં આવક જાવકનું રજીસ્ટર નથી રખાતું. દોસ્તીમાં જમા-ઉધાર જેવું કઈ છે જ નહિ. મેં ૩૦૦ વાપર્યા અને તે ૩૦ જ એવી મુનીમગીરી દોસ્તીમાં નાં હોય. દોસ્તીનું સરવૈયું ના નીકળે, એ તો એક એવી ખાતાવહી છે જેમાં જમા ઉધારની આવક સતત ચાલુ જ હોય. હજુ સુધી કોઈ એવો સોફ્ટવેર નથી બન્યો જે સાચી દોસ્તીનું બેલેન્સ-સીટ કાઢી શકે.

દોસ્ત એટલે તમારા હરેક સવાલના જવાબ આપે...વિરહ, ઝગડા, લફરા, દર્દ, ખુશી, કુટુંબની વાત...યુ કેન શેર એનીથિંગ વિથ ફ્રેન્ડસ..... દોસ્તી એટલે જ શેરીંગ...દોસ્તી એટલે જ વહેચવું પછી ભલે ને એ ગમ હોય કે ખુશી.દુઃખમાં સૌથી પહેલો સાંભરે એ દોસ્ત અને દુઃખને હળવું કરવા સૌથી પહેલા પહોચે એ દોસ્તી. કોઈ પર દિલ આવી ગયું, નોકરીનું કાલે ઈન્ટરવ્યું છે, મોલમાં મસ્ત નવા શુઝ આવ્યા છે થી લઈને આજે કોલેજ જવાનો નહિ પણ બંક કરીને ફિલ્મ જોવાનો મુડ છે એવો સૌથી પહેલો અણસાર જેને મળી જાય એ છે દોસ્ત. દોસ્તી એટલે જ આંસુ અને હાસ્યનો અતુટ સંબંધ. જેની સાથે હસી શકો તો ખરા જ પણ જેની પાસે પોક મુકીને રડી શકો એ દોસ્ત. દોસ્તના મો થી બોલ શું થયું ? સાંભળતા વેત જ અટક્યા વગર આખી વાત કહી શકાય એ દોસ્તી. ઘણી વાર તો થોબડું જોઈને જ તમારું દર્દ પૂછી લે એ દોસ્ત. દોસ્ત પાસે હરેક સમસ્યાનું સમાધાન હોય, હરેક સવાલનો રામબાણ જવાબ હોય .કેટલીય વખત મુશ્કેલ પરિશ્થીતિમા રસ્તો કાઢી આપે એ દોસ્ત. જેના માટે રડી નહિ પણ જેના દુખે રડી પડાય એ દોસ્તી. દોસ્તી એટલે તમારી ખુશીને હજારગણી કરી દે અને તમારા દર્દને ઝીરો પર્સન્ટેજ કરી દે એ સંબંધ.

દોસ્તીમાં કોઈ શરત ન હોય, બિનશરતી થાય એ સંબંધ એટલે જ દોસ્તી અને જો શરતી થાય તો એ દોસ્તી નહિ પણ ફક્ત એક કોન્ટેક્ટ, એક ઓળખાણ. દોસ્તી કરવાનું કોઈ કારણ ના હોય, અકારણ થઈ જાય એ દોસ્તી. તમારા દોસ્તો સાથે ક્યાં કારણથી દોસ્તી થયેલી એ યાદ કરી જોજો મોટાભાગે કોઈ કારણ નહિ મળે.એક મુલાકાત થાય,એ મુલાકાત ધીરેધીરે વાતચીતમાં ફેરવાઈ અને ક્યારે એકબીજાના સુખદુખના સાથી બની જાય એ ખબર નાં પડે. દોસ્તીમાં હાથ કરતા દિલ મળે એ વધુ મહત્વનું છે. ઘણી દોસ્તી બચ્ચનના ડાયલોગની જેમ મિલા લો યાર સિકંદર ને જિંદગીમેં બહોત કમ લોગો સે હાથ મિલાયા હૈ ની જેમ પણ થઈ જાય તો ઘણી દોસ્તીમાં બી માય ફ્રેન્ડ કહીને હાથ લંબાવવો પણ પડે.સ્વાર્થ વગર બંધાઈ જાય એ દોસ્તી. દોસ્તી નિસ્વાર્થ હોય અને હોવી જ જોઈએ, જો એમાં સ્વાર્થ ભળે તો એ દોસ્તીની ઈમારત બહુ લાંબો સમય ના ટકે. દોસ્તી તૂટે પણ ખરી પણ તોય યાદો દિલમાં અકબંધ રહે એ જ સાચી દોસ્તી.દોસ્તનો પ્રેમ એકતરફી હોય. જો તમને કોઈ સાંગોપાંગ ઓળખતું હોય તો એ ફક્ત ને ફક્ત તમારો દોસ્ત જ ઓળખતો હોય. એક દોસ્તને બીજા દોસ્તની બધી ખબર હોય, ખૂબીઓની ખબર હોય અને ખામીઓની પણ અને છતાયે એ તમને ચાહ્યા કરે, પ્રેમ કર્યા કરે એ છે દોસ્ત. દોસ્ત કાઈ ખોટું કરે તો દર્દ અનુભવે પણ અંતે તો મોટા દિલે માફ કરતી વખતે એનો તકિયાકલામ એક જ હોય ગમે એમ તોય ભાઈબંધ છે મારો દોસ્તીમાં તો કોઈ કારણ વગર પણ કલાકો સુધી મહેફિલ જામતી હોય. જહાં ચાર યાર મિલ જાયે વહી રાત હો ગુલઝારની જેમ દોસ્તો મળે એ સભાનો, એ મીજલસનો કોઈ ચોક્કસ એજન્ડા ના હોય એમાં તો એય ને એક પછી બીજી ને બીજા પછી ત્રીજી એમ વાતું ને વિગતાડીયું ચાલતી જ રહેતી હોય, વિષયો શોધવા ના પડે. દોસ્તો મળે ત્યારે કદાચ ઈશ્વર પણ એક વખત અટકીને કાન માંડતો હશે કેમકે એ જલસો જ કોઈ ઓર હોય છે. કદાચ ઈશ્વરે જિંદગી બનાવતી વખતે જ વિચાર્યું હશે કે માનવીના જીવનમાં સુખની જે ઘાણો આવશે એનું નામ દોસ્તી હશે.

મોટાભાગે દોસ્તીની શરૂઆત બાળપણથી થાય છે. સ્કુલમાં હોમવર્ક રહી ગયું હોય તો સાહેબ આવે એ પહેલા ફટાફટ લખી આપે કે સ્કુલ પીકનીકની બસમાં દોસ્તની બાજુમાં બેસવા સાહેબ પાસે કરગરે કે પછી નાસ્તાબોઘામાં પડેલી એક સેન્ડવિચના ચારમાંથી બે પીસ જેની સાથે શેર થવા માંડે એ છે દોસ્તીની શરૂઆત. પણ સાચી દોસ્તી અથવા દોસ્તો મળવાનો શ્રેષ્ઠ સમય છે જવાની. જવાનીમાં બનેલા દોસ્તો મોટાભાગે સ્મશાન સુધી સાથે રહે છે. કેમકે જવાની સમય જ છે બેફીકરાઈનો, બગાવતનો અને બિન્દાસ બનવાનો. જવાનીમાં માણસ વધુ સાફદિલ હોય છે, તડફડ એના સ્વભાવમાં હોય છે અને વ્યવહારમાં વધુ પ્રમાણિક હોય છે. જવાનીની પાંખો ફૂટતા જ આપણે માં-બાપની છત્રછાયામાંથી બહાર નીકળીને દુનિયાના દલદલમાં પગ માંડતા હોઈએ છીએ ત્યારે બહારની દુનિયાનો સાચો આયનો બને છે દોસ્ત - મિત્ર. કિશોરાવસ્થાથી જવાનીમાં કદમ માંડતા મોટા થવામાં જો કોઈ સૌથી વધુ મદદ કરતુ હોય તો એ છે મિત્ર. એક મિત્ર બીજા મિત્રનો હાથ પકડીને નોકરી, પ્રેમ, અભ્યાસ, જનરેશનગેપ, બેવફાઈ, બેરોજગારી, લગ્નજીવન, બુઢાપો જેવી જીવનની અનેક વૈતરણીઓને પાર કરી જાય છે અને આવી વૈતરણીઓ પાર કરતી વખતે જે સાચા હશે એ જ સાથ આપશે. કહેવાય છે ને કે કસોટીમાં જ તમારો સાચો મિત્ર કોણ છે એ ખબર પડી જાય છે.

પણ બધા જ મિત્રતાની વ્યાખ્યામાં નથી આવતા. મિત્રોના ટોળા ના હોય, મોબાઈલ કે ઈમેલના કોન્ટેક્ટ લીસ્ટમાં ૭૦૦ કે ૧૦૦૦ મિત્રોની કોન્ટેક્ટ ડીટેલ હશે પણ એમાંથી ૨ કે ચાર જ એવા હશે જે મિત્ર હશે કે જેની સાથે તમે બધું જ શેર કરી શકતા હો, એના અને તમારા દિલની ધડકનો એકસાથે ચાલતી હોય જેની પાસે તમે હળવા થઈ શકતા હો, ખુલી શકતા હો, ખીલી શકતા હો. બાકી તો તાળીમિત્રો, ખાલીમીત્રો, ઉજાણીમિત્રો, અપડાઉન મિત્રો, ગલ્લા મિત્રો, પાડોશી મિત્રો, ઓફીસ મિત્રો, ગલી મિત્રો અને આજના ફેસબુકના જમાનામાં વર્ચ્યુલ મિત્રો તો છે જ. હેપ્પી મિત્રતા દિવસ!!!

વિસામો -

તાજા કલમમાં એ જ કે તારા ગયા પછી,
બનતો નથી આ શહેરમાં એકે બનાવ દોસ્ત!!!

- મુકુલ ચોકસી